# Fun with Family

Day-9 | 07/04/2020





## ચાલો, આજે પણ આખો દિવસ Family સાથે આનંદ કરીએ...

આજે ઠાકોરજીની સેવા-ભક્તિ શીખીશું...
બપોરે ૧ વાગ્યે ઠાકોરજીને પાણી ધરાવી પોઢાડીશું
અને ફરી સાંજે ૪.૩૦ વાગ્યે જગાડીને પાણી
ધરાવીશું અને ફ્રુટ/સુકોમેવો જમાડીશું.

આજે અહીં લખેલો **'મારો સંકલ્પ'** મોઢે કરીએ...

(૧) માતા-પિતાના ઉપકાર :

માત-પિતાના છે ઉપકાર, રોજ કરું હું નમસ્કાર;
આજ્ઞા પાળું સેવા કરું, રાજી કરીને આશિષ લઉં.

(૨) કુસંગનો ત્યાગ :

સારા મિત્રો સારી વાત, ખરાબ મિત્રોનો નહિ સાથ;
વિવેક ચૂકી ટીવી ન જોઉં, સિનેમાનો નહિ વિચાર.

આજે રાત્રે સૂતા પહેલા આખા પરિવારે સાથે
મળીને **ચેષ્ટા ગાન** કરવાનું છે.

https://bit.ly/2RiSe5X

Now it's time for 'સત્સંગ વિહાર ક્વીઝ'.

https://bit.ly/2RgaKvH



# મારો પરિવાર - સંપેલો પરિવાર

ચાલો, આજે મમ્મી પાસેથી
'Kitchen Platform'
સાફ કરતા અને ગોઠવતા
શીખીએ... બપોરે અને
રાત્રે બંન્ને ટાઈમ આજે
મમ્મીને મદદ કરીશું.



## ''રોટલી CHALLENGE''

Friends, હવે ઘરના બધા સભ્યો પોતાના હાથે લોટ બાંધશે... અને તેમાંથી બે રોટલી બનાવશે... અને 'મમ્મી' જજ બનીને માર્ક્સ આપશે અને વિજેતા જાહેર કરશે... જોઈએ કેવા કેવા આકારની રોટલી આજે બને છે ?!?!




## 'Personal Meeting'

ચાલો, મમ્મી સાથે અને પછી પપ્પા સાથે Meeting કરીએ... તેમાં તેમને પૂછીશું કે...

૧. તમને મારી કઈ ટેવ ગમતી નથી?
૨. હું શું કરું તો તમે રાજી થશો?
૩. હું મોટો થઈને શું બનું?
૪. હું કઈ રીતે અભ્યાસ કરું તો તમે રાજી થશો?



# Fun Zone



## ‘અવનવું શીખીએ’...

ચાલો, હવે માથા ઉપર ફેંટો, સાફો બાંધતા શીખીએ... અહીં આપેલી લીંક દબાવો અને વિડિયો દ્વારા શીખો... but keep trying... keep trying... keep trying...

https://bit.ly/3dXxpGN



## ‘Dancing Lemon’



અહીં આપેલી લીંક દબાવો અને રમત શીખો.... તે રમત તમારા પરિવાર સાથે મળીને રમો... જોઈએ કોણ જીતે છે!!!

https://bit.ly/2V5DyIq





ચાલો, ‘SHADOW SHOW’ શીખીએ... નીચેની લીંક દબાવો અને ઘરમાં Shadow Show કરતા શીખો...

પણ બાળમિત્રો, મહેનત કરવી પડશે...

https://bit.ly/2yEQk9f





# "હસો અને હસાવો"

**ચાલો, બધાને 'હસાવીએ'...**
**અહીં લીંકમાં આપેલા જોક્સ ઘરમાં બધા સામે રજૂ કરો...**

https://bit.ly/2wnYa6s

## My Guru, My Life

**અહીં આપેલો પ્રસંગ વાંચો અને તેના પર મનન કરો...**

**૬/૮/૧૭ - લોસ એન્જેલસ, અમેરીકા**



સ્વામીશ્રી આરતી બાદ દર્શન કરતાં હિંડોળા પાસે પધાર્યા. હિંડોળાની દોરી નીચે અડતી હતી. તે તરત ઉપર ઉઠાવી, એકદમ વ્યવસ્થિત ગોળ વાળી ઠાકોરજીને હીંચકાવ્યા. સ્વામીશ્રીને પૂછ્યું, 'આવું આપે કેમ કર્યુ ?' સ્વામીશ્રીના મનોભાવને સારી રીતે પીછાણતા સેવક સંતોએ તરત જ કહ્યું, 'ઠાકોરજીની મર્યાદા જળવાય તે માટે... ઠાકોરજીના હિંડોળાની દોરી આપણા પગને ન અડવી જોઈએ તે વિચારથી...' સ્વામીશ્રીએ પુર્ણ સહમતિ આપી.

# બીજમાંથી છોડ



રાણકપુર નામે નગર. રણધીરસિંહ તેનો રાજા. રણધીરસિંહને કોઈ સંતાન ન હતું. વળી તે વૃદ્ધ થયો હતો. આથી નગરમાંથી કોઈકને યુવરાજ બનાવવાનું તેણે નક્કી કર્યું.



યુવરાજ થવા માટે નગરમાંથી કેટલાક બાળકોને બોલાવવામાં આવ્યા. રાજા ખૂબ ચતુર હતો. તેણે સારા બાળકની પસંદગી માટે એક કસોટી મૂકી. અને બધાને છોડનું એક-એક બીજ આપ્યું. અને કહ્યું, 'મહિના બાદ આ બીજમાંથી સરસ મજાનો છોડ તૈયાર થાય, ત્યારે મારી પાસે આવજો.'



બધા બાળકોએ ઘરે જઈને બીજ વાવ્યું. આ બાળકોમાં હરિશ્ચંદ્ર નામનો એક બાળક હતો. તેણે પણ બીજ વાવ્યું. દિવસો વીત્યા અને બાળકો પોતાનો છોડ ક્યારે ઊગે તેની રાહ જોવા લાગ્યા. જોત-જોતામાં મહીનો પસાર થઈ ગયો.

**બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**


બધા બાળકો અંદરો-અંદર ચર્ચા કરવા લાગ્યા, 'મારો છોડ વેંત જેટલો થઈ ગયો !', 'અરે ! મારો છોડ પણ સરસ મજાનો ઊગ્યો છે.' આમ બધાના છોડ ઊગ્યા. એક હરિશ્ચંદ્રના બીજમાંથી જ છોડ ન ઊગ્યો. તેણે ખૂબ સારી માવજત કરી હતી છતાં...





હરિશ્ચંદ્ર ખૂબ ઉદાસ હતો. તેણે પોતાની માતાને પોતાની ચિંતા વ્યક્ત કરી, 'મા ! હું રાજા સામે શું મોઢું લઈને જઈશ... શું જવાબ આપીશ ?' માએ હિંમત આપતાં કહ્યું, 'બેટા ! ગભરાઈશ નહીં... રાજા પાસે જઈને સાચી હકીકત જણાવી દેજે.'

બધા બાળકો ઉગેલા છોડ સાથે રાજા પાસે ગયા. જ્યારે હરિશ્ચંદ્રનું કુંડું ખાલી હતું. બધા બાળકો તેની મજાક ઉડાડવા લાગ્યા. રાજા દરેકના ઉગેલા છોડને જોઇને હસવા લાગ્યો. ખાલી કુંડું લઇને આવેલા હરિશ્ચંદ્રને પાસે બોલાવ્યો. હરિશ્ચંદ્રે પૂછ-પરછ કરતાં સાચી વાત જણાવી દીધી.






રાજાએ રહસ્ય ખોલતાં કહ્યું, 'બાળકો! મેં તમને શેકેલાં બીજ આપ્યાં હતાં. જે બીજ કદી ઊગે જ નહીં. તમે જે છોડ ઉગાડી લાવ્યા છો, તે મારા આપેલા બીજમાંથી ઉગેલો નથી. આમ, તમે અપ્રામાણિકતા અને બનાવટ કરી છે. સત્યનિષ્ઠ અને પ્રામાણિક તો આ હરિશ્ચંદ્ર છે. અને એ જ યુવરાજ થવાને લાયક છે.' આમ, હરિશ્ચંદ્રને રાજાએ યુવરાજ બનાવ્યો.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**


# The Magical Tree

**Friends, today you have to prepare this story and present it to the parents.**












**Remember, you have to perform this story in front of Mom and Dad.**














Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/2JL3Omc



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



**ઉધરસ/છીંક આવે તો રૂમાલ રાખીને ખાશો.**



**ઘરમાં એકબીજા સભ્યોથી દૂર રહો.**



**દર ૨૦ મિનિટે સાબુથી ઘસીને હાથ ધોઈ નાંખશો.**



**ઘરની બહાર નીકળવું નહિ.**



**આંખ, મોઢું, નાકને સ્પર્શ કરવાનું ટાળો.**

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

BAPS
**પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા**
**પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ**